મમતા સ્પોર્ટસના સ્કેટરો દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમદાવાદ સ્થિત સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ ખાતે તાજેતરમાં સ્પીડ સ્કેટીંગ કોમ્પીટીશન યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની આર.એન. લલિતકલા સંસ્થાના સ્પર્ધકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. અમદાવાદ ખાતે આયોજીત સ્પીડ સ્કેટીંગ કોમ્પિટીશનમાં ૪ થી ૧૨ વર્ષની વયજૂથના બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત આર.એન. લલિતકલા ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટરના સ્કેટરો હિર ઠાકુર, સ્વપ્નીલ વાઘેલા, રૂત્વા ચૌધરી, આર્યન ચૌધરી, શ્રેયસ ઠાકુર, જય આચાર્ય અને અક્ષય પટેલે અલગ-અલગ વયજૂથમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રેંક મેળવ્યા હતા અને સંસ્થા સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

એક જ સમયે શહેરની બે મહિલાના ગળામાંથી દોરાની લૂંટ

ચેઈન સ્નેચરોએ પોલીસના નાકે દમ લાવી દીધો : શહેરમાં નાકાબંધી કરી પણ લુંટારુઓ હાથ ન લાગ્યા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચરોએ રીતસરનો પોલીસના નાકે દમ લાવી દીધો છે. એક તરફ ચેઈન સ્નેચરોને પકડવા માટે પોલીસ નવા નવા કીમીયાઓ અને એકશન પ્લાનો બનાવી રહી છે ત્યારે બીજી તરફ તમામ એકશન પ્લાનના ધજીયા ઉડાવીને ચેઈન સ્નેચરો બેફામ કળા કરી રહ્યા છે. ગઈ મોડી સાંજે એક જ સમયે શહેરના બે અલગ અલગ માર્ગો પર મહિલાના ગળામાંથી સોનાના દોરાની લુંટ ચલાવ્યાના કિસ્સા બનવા પામ્યા હતા. પોલીસને જાણ થતા શહેરમાં નાકાબંધી કરી દીધી હતી પરંતુ ચેઈન સ્નેચરો પોલીસને હાથ આવ્યા ન હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ સરગાસણ ચોકડી પાસે સ્થિત શુકન વિસ્તારમાં રહેતા બેલાબેન કૃણાલકુમાર શાહ ગઈ સાંજે આઠેક વાગ્યાના અરસામાં ગ-૩ થી ગ-૫ જતા માર્ગ પર સે-૧૨ માધ્યમિક શાળા સામે સ્કુટી પર જઈ રહ્યા હતા ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો ચાલુ વાહને તેમની નજીક પહોંચ્યા અને ગળામાં હાથ મારીને રૂ. ૩૦ હજારની કિંમતનો દોઢ તોલાનો સોનાનો દોરો લુંટી પળવારમાં ફરાર થઈ ગયા હતાં. તો બીજી તરફ સે-૨૬ પ્લોટ નં. ૫૪૮/૨, કિસાનનગર વિસ્તારમાં રહેતી યુવતી પ્રિયંકા પ્રમુખભાઈ પટેલ તે જ સમયે ખ-૬થી ખ-૭ તરફ ચાલતી જઈ રહી હતી ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ તેણીને પણ ટાર્ગેટ બનાવી ગળામાં ઝુંટ મારીને એક તોલાનો રૂ. ૨૭ હજારની કિંમતનો દોરો ખેંચી લીધો હતો અને તે પણ ફરાર થઈ ગયા હતાં. દોરાની લુંટની બંને ઘટના અંગે અનુક્રમે સે-૭ અને સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.જો કે ચેઈન સ્નેચરો નાકાબંધી બાદ પણ પોલીસની ઝપટમાં આવતા નથી.

સૌરાષ્ટ્રમાં ૧૯૭૦થી ૧૯૮૦ સુધી વિદ્યાર્થી કાર્યકર તરીકે રચનાત્મક પ્રવૃત્તિ કરવામાં સક્રિય અને અગ્રેસર રહેલા મહાનુભાવોનો સન્માન કરવાનો એક કાર્યક્રમ સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજ રાજકોટ દ્વારા તા. ૨૩-૩-૨૦૧૫ના રોજ યોજાયો હતો. તે પ્રસંગે ગાંધીનગરના શ્રી મનોજ શુકલનું પણ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના હસ્તે સન્માન કરાયું હતું તે પ્રસંગની તસવીર.

જિલ્લાના રાજપુરમાં સાંસદ પરેશ રાવલના હસ્તે મા વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના રાજપુર ગામમાં સાંસદ પરેશ રાવલની ઉપસ્થિતિમાં મા-વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામની ૧૨ મહિલા લાભાર્થીઓને સાંસદના હસ્તે કાર્ડ આપવામાં આવ્યા હતા. સાંસદે શાળાના બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો.

ગુજરાત ભાજપના સાંસદ પરેશ રાવલે આજે સાદરા પાસેના રાજપુર ગામે બી.પી.એલ. લાભાર્થીઓને મા-વાત્સલ્ય કાર્ડનું વિતરણ કર્યું હતું. રાજપુર ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં પરેશ રાવલના હસ્તે ૧૨ ગરીબ લાભાર્થી મહિલાઓને કાર્ડ આપ્યા હતા. રાજપુર સરકારી પ્રા. શાળાની મુલાકાત લઈ બાળકો સાથે ફોટા પડાવ્યા હતા.

મા-વાત્સલ્ય કાર્ડ દ્વારા ગરીબ મહિલાઓ બે લાખ સુધીની મફત સહાય મેળવી જીવન નિર્વાહ કરી શકશે. ગરીબી રેખા નીચે જીવન જીવતી મહિલાઓને આશીર્વાદરૂપ સાબિત થશે. કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય શાખા, તાલુકા હેલ્થ સેન્ટર, ગાંધીનગર, બી.એસ.સી. ડભોડાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પરેશ રાવલે સાંસદ તરીકે જાખોરા ગામને દત્તક લીધુ છે ત્યારે રાજપુર અને જાખોરા વચ્ચે બે કિલોમીટરનું અંતર છે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

કુખ્યાત પોરીયાનો સાગરીત કાંગારૂ છત્રાલ હાઈવેથી ઝડપાયો

એટીએસ અને ગાંધીનગર એસઓજીએ દેશી પિસ્ટલ અને ૧૦ કારતુસ સાથે કાંગારૂને પકડ્યો : ઊંઝા, વિસનગર, પાલનપુર, સુરત, સિદ્ધપુર સહિત ગાંધીનગરમાં પણ કાંગારૂએ ગુનો આચર્યા હતા

ગાંધીનગર, તા. ૨૬

પાટણના કુખ્યાત ગુનેગાર રક્ષિક પોરીયાનો સાગરીત મહેબુબ ઊર્ફે કાંગારૂ છોટેખાન બલોચ ગાંધીનગર નજીક છત્રાલ-મહેસાણા હાઈવે પર હથિયાર સાથે આવ્યો હોવાની ચોક્કસ બાતમીને આધારે એ.ટી.એસ. અને ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે વૉચ ગોઠવી તેને ઝડપી પાડ્યો છે. દેશી પિસ્ટલ અને ૧૦ કારતુસ સાથે તેની ધરપકડ કરી એટીએસએ ઊંડી તપાસ શરૂ કરી છે.

એટીએસ પીઆઈ એફ.બી. પઠાણને બાતમી મળતા ગાંધીનગર એસઓજી અને એટીએસની ટીમ કલોલ-મહેસાણા પાસે છત્રાલ હાઈવે પર વૉચમાં બેસી ગઈ હતી. અમીરસ હોટલ પાસેથી કુખ્યાત પોરીયાના સાગરીત મહેબુબ ઊર્ફે કાંગારૂ કે જે ઘણા લુંટ, ધાડ તેમજ મર્ડર જેવા ગુનાઓમાં સંડોવાયેલો છે અને પોતાના સાગરીતો સાથે મળી કાંગારૂ ગેંગના નામે ગુનાઓ આચરે છે તેને એક દેશી બનાવટની ૭.૬૨ની પિસ્ટલ મેગેઝીન સાથે અને જીવતા કારતુસ નંગ-૧૦ સાથે પકડી પાડ્યો છે.

મહેબુબ ઉર્ફે કાંગારૂ સિદ્ધપુર, સુરત, ગાંધીનગર સે. ૭ પોલીસસ્ટેશન, ઊંઝા, વિસનગર, તેમજ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે લુંટ, ધાડ તેમજ આર્મ્સ એક્ટના ગુનાઓ હેઠળ અગાઉ પકડાયેલો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ કાંગારૂ ગેંગમાં અન્ય કોણ કોણ છંડોવાયેલા છે અને હાલ આ ગેંગ કોઈ ગુનાને અંજામ આપવાનું આયોજન કરી રહી છે કે શું? તે અંગે એટીએસએ ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

ચૈત્રી નવરાત્રી ધાર્મિક કાર્યક્રમ

● સેક્ટર-૨૩ માઈમંડળ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે આનંદનો ગરબો યોજવામાં આવશે. તા. ૨૭ માર્ચ, શુક્રવાર, બપોરે ૨.૩૦ થી ૪.૩૦ વાગ્યા દરમિયાન સેક્ટર-૨૩ શિવશક્તિ મંદિરે યોજાશે. ભક્તોને આમંત્રણ પાઠવ્યું છે.

● ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો આજે શુક્રવારે, બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન, સુમિત્રાબેન પટેલ નિવાસસ્થાન ૧૨૧/૧, ચ-ટાઈપ રંગમંચ સામે, સેક્ટર-૨૨ ખાતે યોજાશે.

● જય બુટભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સરોજબેન રાઠોડના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭/૧, સેક્ટર-૪-એ, ખાતે આજરોજ શુક્રવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

ધો-૮ વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળા દ્વારા ધો-૮ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારંભ તા. ૨૪-૩-૨૦૧૫ને મંગળવારના રોજ શાળાના સેમિનાર હોલમાં યોજાયો હતો. કાર્યક્રમમાં મહેમાન તરીકે ડૉ. એ.કે. પટેલ જનસંપર્ક અધિકારી સ્કુલ ઓફ કમિશનર હતા. તેઓશ્રીએ વિદ્યાર્થીની બહેનોને કારકિર્દી માર્ગદર્શન વિશે તથા વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનું કેટલું મહત્વ છે તેની ખુબ સુંદર શીખ આપેલ ત્યારબાદ વિદ્યાર્થીનીઓ તથા શાળાના શિક્ષકશ્રીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કરેલ. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે તમામ વિદ્યાર્થીની બહેનોને પોતાના શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્તરોત્તર ખુબ જ પ્રગતિ કરે તેવા આશીર્વાદ તથા દરેક વિદ્યાર્થીનીને કલમની ભેટ આપી હતી.

ઓમ લેન્ડમાર્ક સ્કુલનો ઝણકાર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ચિલોડા મોટા સ્થિત ઓમલેન્ડ માર્ક સ્કુલ ગુજરાતી માધ્યમ દ્વારા ભૂલકાઓનો ઝણકાર ૨૦૧૫ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧ એપ્રિલ ૨૦૧૫, બુધવાર સાંજે ૭.૩૦ વાગે ઓમ એજયુકેશન કેમ્પસ મોટા ચિલોડા ખાતે યોજાશે. ઝણકાર-૧૫માં સ્કુલના બાળકો પોતાની અંદર રહેલી શકિતઓનું નિદર્શન કરાવશે.

સે-૨ ચંદ્રમૌલેશ્વર મંદિરે રામજન્મોત્સવ

સેકટર-૨-બી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિરે રામનવમી નિમિત્તે રામજન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. તા. ૨૮ માર્ચ શનિવાર બપોરે ૧૨-૦૦ વાગે કાર્યક્રમ યોજાશે. મોટી સંખ્યામાં ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

કિડની યુનિવર્સિટીને સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો આપતું વિધેયક વિધાનસભામાં પસાર

ગાંધીનગર, તા.૨૬

આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજયના પ્રજાજનોને વૈશ્વિક સ્તરની તબીબી સેવાઓ ઘર આંગણે પુરી પાડવા માટે રાજય સરકારે ઘનિષ્ઠ આયોજન કર્યું છે. મેડીકલ ટુરીઝમના માધ્યમ દ્વારા દુર સુદુરના ગામ સુધી તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. જેના ભાગ રૂપે માનવીય અંગોના પ્રત્યારોપણ માટે સમગ્ર દેશમાં ગુજરાતે નવતર અભિગમ અપનાવીને રાજયની કિડની ઈન્સ્ટીટયુટને સ્ટેટ યુનિવર્સિટી-ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશનનો દરજ્જો આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ ઈન્સ્ટીટયુટ વિશ્વની પ્રથમ સંસ્થા બનશે.

કિડની યુનિ.ને સ્ટેટ યુનિ.નો દરજ્જો આપતા વિધેયકને આજે ગુજરાત વિધાનસભાએ સર્વાનુમતે પસાર કર્યું હતું. મંત્રીશ્રી પટેલે કહ્યું કે ભારતમાં ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સના વિકાસ માટે સુવિકસીત પાઠયક્રમ સ્થાપિત અભ્યાસકમો ન હોવાથી આ ઈન્સ્ટીટયુટને યુનિવર્સિટીનો દરજ્જો આપવાનું નક્કી કરાયું છે. આ યુનિ. દ્વારા ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સ તેમજ ઓર્ગન ફેઈલર તથા અટકાવવાને લગતા ક્ષેત્રમાં શિક્ષણ અને સંશોધન કાર્યક્રમને વિકસાવવામાં આવશે. યુનિ.માં એક જ જગ્યાએ મલ્ટીપલ ઓર્ગન અને સેલ ટ્રાન્સપ્લાન્ટને લગતા શિક્ષણ સંશોધનો હાથ ધરાશે. ઉપરાંત ટ્રાન્સપ્લાન્ટેશન ઈમ્યુનોલોજી, રીનલ ફીઝીયોલોજી, બાયોકેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીમાં પી.એચ.ડી.ના અભ્યાસકમો ક્રીટીકલ કેર મેડીસીન, ટ્રાન્સફયુઝન મેડીસીન, સર્જીકલ મેડીસીનમાં એમ.ડી.ની અનુસ્નાતક પદવી સેલ ટ્રાન્સપ્લાન્ટેશન મેડીસીન લીવર અને ટ્રાન્સપ્લાન્ટ પેથોલોજી, ઈન્ફેકશીયલ ડીસીઝ, ટ્રોવિડ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન મેડીસીન જેવી તબીબી વિજ્ઞાનની વિવિધો વિદ્યાશાખામાં ડી.એમ.ની પદવી તેમજ અન્ય જુદા જુદા પ્રમાણપત્ર અને અર્ધતબીબી (પેરામેડીકલ) અભ્યાસકમો પણ શરૂ કરાશે. જેનાથી સમાજમાં મેડીકલ ક્ષેત્રે વિવિધ તજજ્ઞો ઉપલબ્ધ બનશે.

આ યુનિ. અધ્યાપન અને સંશોધનની સંસ્થાનો વિકાસ કરશે તેમજ ઉચ્ચ દરજ્જાની તબીબી સારવાર, સંભાળ, શૈક્ષણિક અને સવલતો પુરી પાડવા માટેનું કેન્દ્ર બની રહેશે. યુનિ. સ્નાતકો પોસ્ટ ગ્રેજ્યુએશન, શૈક્ષણિક અભ્યાસકમો ઉપરાંત સંશોધન તબીબી અને વિતરણના કાર્યકમો તૈયાર કરશે અને અભ્યાસકમો સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ પદવી પણ એનાયત કરાશે. પ્રત્યારોપણ ક્ષેત્રમાં સંશોધન માટે 'રાષ્ટ્રીય રેફરલ' સેન્ટર તરીકે આ યુનિવર્સિટીમાં વિકસાવશે.

વિશ્વની સૌથી મોટી કિડની ઈન્સ્ટીટયુટમાં કિડનીના રોગો અને અવયવ પ્રત્યારોપણો માટેની સ્પેશ્યાલીટી હોસ્પિટલ છે. વાર્ષિક ૧.૫ લાખથી વધુ દર્દીઓને તપાસવામાં આવે છે. દર વર્ષે લગભગ ૪૦૦ કિડની પ્રત્યારોપણો, ૫૦,૦૦૦ ડાયાલીસીસ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૪૦૦૦થી વધુ કિડની પ્રત્યારોપણો, ૧૦૦ લિવર પ્રત્યારોપણો, ૩૮૦૦ જેટલા સ્ટેમસેલ પ્રત્યારોપણો કરવામાં આવ્યા છે. ટુંક સમયમાં સ્વાદુપિંડ પ્રત્યારોપણોની સારવાર શરૂ કરાશે અને આગામી સમયમાં હૃદય, ફેફસા, હાથ-પગ તેમજ મોઢાના પ્રત્યારોપણોની સુવિધા ઉપલબ્ધ કરવાનું પણ આયોજન કરાયું છે. સંસ્થાના વધતા જતા વ્યાપ તથા શિક્ષણકાર્યને ધ્યાનમાં લઈને રાજય સરકારે મંજુશ્રી મિલ કંપાઉન્ડમાં ૬ એકર જેટલી જગ્યામાં ૬૦૦ પથારીની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ નિર્માણ કરવામાં આવનાર છે. જે યુનિવર્સિટી હોસ્પિટલ તરીકે ઓળખાશે. આ માટે રૂ. ૪૨૦ કરોડ ફાળવાયા છે. વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં રૂ. ૧૮૫ કરોડની જોગવાઈ કરી છે. આ યુનિવર્સિટીમાં ૧૧ સભ્યોનું સત્તા મંડળ રહેશે. જેમાં પ્રો. ચાન્સેલર, કુલપતિ, ઉપકુલપતિ, કુલ સચિવ, જેવા હોદ્દેદારો રહેશે.

ગાંધીનગર મનપા સફાઈ કામદારો પ્રત્યે કિન્નાખોરી રાખી રહી છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા સફાઈ કામદાર સામે કિન્નાખોરી રાખી રહી છે. ભારતીય સ્ટેટ બેન્ક રાષ્ટ્રીયકૃત બેન્ક છે. વર્ષોથી કામદારોના આ બેંકમાં ખાતા છે. લેવડ-દેવડ પણ ચાલે છે. છતાં બેંક ઓફ ઈન્ડીયામાં નનવા ખાતા ખોલાવી પગાર તેમા જમા કરાવવાની જો હુકમી કરવામાં આવી રહી છે. તેમ અખિલ ભારતીય વાલ્મીકી મહાસભાના અધ્યક્ષ લોટે જણાવ્યું છે.

ગાંધીનગર મનપામાં તાબા હેઠળ ફરજ બજાવતા સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનો નિવેડો આવતો નથી. પડતર પ્રશ્નોને લઈને અખિલ ભારતીય વાલ્મીકી મહાસભાના પ્રમુખ રામેશ્વર બંધુ લોટે કમિશનર, મંત્રી અને કલેક્ટરને લેખિત રજુઆત કરી છે.

તેમણે જણાવ્યુ છેકે મનપા સફાઈ કામદારોને કિન્નાખોરી રાખી પરેશાન કરી રહી છે. વર્ષોથી અમારા બેંકના ખાતા ભારતીય સ્ટેટ બેન્કમાં છે. અમારી લોનના હપ્તા સુધી એસ.બી.આઈ. બેંકમાંથી કપાય છે. ત્યારે મનપાને અચાનક શુ સુજ્યુ કે આ ખાતાની જગ્યાએ બેન્ક ઓફ ઈન્ડિયામાં નવા ખાતા ખોલવા જણાવ્યુ અને પગાર પણ બીઓઆઈમાં જમા થશે તેમ કહેવામાં આવ્યું છે.

નિવૃત્તિના આરે આવેલા સફાઈ કામદારોને ઈરાદાપૂર્વક હેરાન કરવામાં આવે છે. સવારે ટોળા પદ્ધતિમાં દૂર દૂર સુધી મોકલી દેવામાં આવે છે. અગાઉ ગત ૨૯-૧-૨૦૧૫ના રોજ કામદારોના પડતર પ્રશ્નોનુંનિરાકરણ લાવવા મિટીંગ મળી હતી. પરંતુ કામદારોની રીતસરની મશ્કરી કરવામાં આવી રહી છે. અસનાની કમિટીના અહેવાલને ધ્યાને લેવામાં આવશે પરંતુ આ ખાતરી પણ ફક્ત ખાતરી જ રહી ગઈ છે.

વધુમાં જણાવ્યું છે કે જો-૨૧ દિવસમાં સફાઈ કામદારોના પ્રશ્નોનું નિરાકરણ નહિ લાવવામાં આવે તો કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. તંત્ર દ્વારા સરકારના નીતિ નિયમોને નેવે મુકી નિયમ વિરૂદ્ધ કાર્યવાહી કરી સત્તાનો દુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સફાઈ કામદારોનું હિત જળવાય તે માટે અને નાણાકીય નુકશાન ન થાય તે માટે ટોળા પદ્ધતિ બંધ કરવા અને એસ.બી.આઈ. બેન્કમાં પગાર જમા કરવા જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૮
સૂર્યાસ્ત : ૬.૫૩

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦

એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૪ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫

સ્ક્રીન-૨ :

હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦

બ્લેક હોમ : ૮.૧૫

સ્ક્રીન-૩ :

બે યાર : ૯.૦૦

એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫

૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. દશરથભાઈ બળદેવભાઈ ભાવસાર (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૩૭૮/બી/૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન બાબુભાઈ સિન્દે (ઉ.વ.૯૪) ટેના. નં. ૧૦૪૨, સ્વસ્તિક સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ કાનજીભાઈ રામાણી (ઉ.વ.૬૬) પ્લોટ નં. ૧૬૭૯/૧, સેકટર-પસી, ગાંધીનગર
- શિવબકસસિંહ જુગરાજસિંહ ચૌહાણ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૧૦૨૮, સેકટર-૨ડી, ગાંધીનગર